

મોટા ભાઈની હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે. ''જર જમીન અને જોરૂ ત્રણે કજીયાના છોરૂ'' તે કહેવત સાચી પુરવાર થઈ છે. ડીસા તાલુકાના આસેડા ગામે રહેતા વાલ્મીકી પરિવારના અમરતભાઈ ખોડાભાઈ વાલ્મીકી, ઉ.વ.૪૫ જે પોતાના ઘરે હતા ત્યારે બાપ દાદાની જમીન બાબતે બંન્ને ભાઈ વચ્ચે બોલાચાલી થતા તેમના નાનાભાઈ મફાભાઈ ખોડાભાઈ વાલ્મીકી તેમના પુત્રો કાંતીભાઈ મફાભાઈ વાલ્મીકી અને લીલાભાઈ મફાભાઈ વાલ્મીકી ત્રણે જણા પાઈપો, છરી જેવા તીક્ષ્ણ હથિયાર સાથે આવી ગામની ગૌચર જગ્યા પર તેમના પર તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકી ફરાર થઈ ગયા હતા. આ બનાવની જાણ થતાં તાલુકા પોલીસ ઘટના સ્થળે પહોંચી લાશનો કબજો મેળવી ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ. અર્થે ખસેડી હતી. આ બનાવની ફરીયાદ મૃતકના સગાએ તાલુકા પોલીસ મથકે નોંધાવાની તજવીજ હાથ ધરી હતી.

## પિલુદ્રા ખાતે યુવક મહોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૧૬

પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા ગામે યુવક મહોત્સવ અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયા હતા. જેમાં તાલુકાની ૩૦ જેટલી શાળાના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

પ્રાંતિજ તાલુકાના પિલુદ્રા ગામે આવેલ કેળવણી મંડળ સંચાલિત વી.એમ. પટેલ હાઈસ્કૂલમાં તાજેતરમાં યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવમાં તાલુકાની વિવિધ ૩૦ શાળાઓના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યુવક મહોત્સવમાં દેશ ભકિતગીત, લગ્ન ગીત, ભજન, લોકનૃત્ય, ફિલ્મી ગીતો, નાટક સહિત અનેક સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર યુવા કલાકારોને પ્રોત્સાહક ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ ચૌહાણ, સ્મિતાબેન, મીઠાભાઈ પટેલ, કેળવણી મંડળના હોદ્દેદારો સહિત આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘની બોર્ડ ઓફ મેનેજમેન્ટની ચૂંટણીમાં ૧૬ બેઠક બિન હરીફ જાહેર

સાબરકાંઠા, તા.૧૬

સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘની મેનેજીંગ કમિટીની થયેલ ચૂંટણીમાં કુલ ૧૯માંથી ૧૬ બેઠકો બિનહરીફ ચૂંટાયેલ જાહેર થઈ છે.

ચૂંટણીમાં મોડાસાના અંબાલાલ ઉપાધ્યાય, વડાલીના ધૂળાભાઈ પટેલ, મેઘરજના નવલસિંહ બિહોલા, મહેશભાઈ ઉપાધ્યાય, તલોદના કનુભાઈ પટેલ, કલજીભાઈ કટારા, નટુભાઈ પટેલ, રાજેન્દ્ર શિવાભાઈ વડાલી, મગનભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, શિવસિંહ ઠાકોર, માણેકબેન ઉપાધ્યાય, ચંદ્રિકાબેન જોષી બીન હરીફ ચૂંટાયા છે. જયારે વિજયનગર તેમજ માલપુર તાલુકાની બે બેઠકો માટે મતદાન આગામી તા. ૧૯-૧૦-૨૦૧૪ના રોજ સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી થશે. બંને સહકારી વિભાગના મતદારોએ મત આપતી વખતે પોતાનું ઓળખપત્ર રજૂ કરવાનું રહેશે. જિલ્લામાં ત્રણ સહકારી સંસ્થાઓ સાબરડેરી, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક અને જિલ્લા સહકારી સંઘની ચૂંટણીનું કામકાજ ચાલુ છે. સાબરકાંઠા બેંક અને ડેરીની ચૂંટણીનો રસાકસી જંગ જામ્યો છે. અને તેના ચોંકાવનારા પરિણામો અંગે સાબરકાંઠા જિલ્લા અને અરવલ્લી જિલ્લાની જનતા ચર્ચા કરી રહી છે. ઉલ્લેખનીય છે કે પ્રાંતિજ તાલુકાના સહકારી વિભાગના બે ફોર્મ હતા તે બંને ફોર્મ રદ થતા તે મતવિભાગ ખાલી રહેલ છે.

## ખેડબ્રહ્મામાં લાયસન્સ વગર ચાલતો ધીરધારનો ધીકતો ધંધો

ખેડબ્રહ્મા શહેર અને તાલુકામાં સોની બજારમાં ધીરધારનો મોટો વેપલો કરવામાં આવે છે. તાલુકાની ગરીબ અને અભણ પ્રજાને છેતરવામાં માહિર સોનીઓ મૂડી અને વ્યાજ બંને પચાવી પાડી ઓડકાર પણ લેતા નથી.

ખેડબ્રહ્મા શહેરના સોની બજારમાં મોટા પ્રમાણમાં સોના ચાંદીના વેપારીઓએ સોના-ચાંદીના દાગીનાના વેપાર માટે બોર્ડ લગાવી રાખ્યા છે અને અંદર ખાને આ વપારીઓ નાણાં ધીરવાનો ધંધો કરે છે. ગ્રામ્ય વિસ્તારની ગરીબ અને અભણ પ્રજાને નાણાની જરુરીયાત હોય ત્યારે સોના ચાંદીના દાગીના ગીરવે મુકી પૈસા લઈ જાય છે. પણ ઉંચા વ્યાજે લીધેલ નાણાં પરત ન દઈ શકતા ગરીબોને તો આખરે દાગીના મૂકવાનો વારો આવે છે.

## ભાભર ખાતે ૧૯મીએ સર્વ રોગ નિદાન યજ્ઞ

બનાસકાંઠા જિલ્લાના ભાભર મુકામે તા. ૧૯-૧૦-૨૦૧૪ના રોજ સવારે૯ વાગ્યાથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ રાજયમંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીના મતવિસ્તારમાં સર્વરોગ નિદાન મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તમામ રોગોનું નિદાન અને સારવાર કરવામાં આવનાર છે. આ મેડીકલ કેમ્પમાં વાવ, ભાભર અને સૂઈ ગામ તેમજ આજુબાજુના વિસ્તારના લોકોને મેડીકલ કેમ્પનો લાભ લેવા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી ડી.જે. પટેલે ભારપૂર્વક જણાવ્યું છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)


## મોડાસા શહેરમાં ખુલ્લા પ્લોટો પર દબાણ બાબેત આવેદનપત્ર

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલ મુસ્લિમ વિસ્તારમાં રોયલ પાર્ક તરફ જતા રસ્તા પર પ્લોટ નં. ૭૭ના માલિક ફારૂકભાઈ કોટવાલે દબાણ કરતા ચોમાસાના પાણીને બહાર નીકળવામાં અવરોધ ઉભા થતા ઘરોમાં પાણી ભરાઈ જવા અને રોગચાળાની દહેશત ફેલાઈ જવાના કારણે સોસાયટીના રહીશોએ મોડાસા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

# ભિલોડાની કોટેજ હોસ્પિટલમાં સ્ટાફની અછત : લોકો પરેશાન

મોડાસા, તા. ૧૬

ભિલોડાના કોટેજ હોસ્પિટલમાં લાખ્ખો રૂપિયાની મશીનરી છે બિલ્ડીંગ છે, વ્યવસ્થા છે, પરંતુ આ વ્યવસ્થા અને મશીનરી ચલાવવા માટેનો સ્ટાફ નથી જેથી આ આદિવાસી પ્રજા આરોગ્યની સેવાઓથી વંચિત છે જેથી લોકો માંગ કરી રહ્યા છે કે આ હોસ્પિટલમાં પૂરતો સ્ટાફ ફળવાય તેવી માંગ ઉઠવા પામી છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)



અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા ખાતે વર્ષો પહેલા સરકાર દ્વારા આ વિસ્તારની આદિવાસી પ્રજા તથા લોકોની આરોગ્યની સુખાકારી માટે હોસ્પિટલ બનાવાઈ હતી. આ હોસ્પિટલ ૯૫ બેડ સાથે શરૂ કરવામાં આવી હતી. આજે આ કોટેજ હોસ્પિટલમાં ડૉક્ટરોનો અભાવ છે અને પૂરતા પ્રમાણમાં ડૉક્ટર અને સ્ટાફ નથી. જેથી લોકોને પ્રાઈવેટ દવાખાનાની મોંઘી દાટ સેવાઓ લેવી પડે છે જેથી ભિલોડામાં રહેતી અને આજુબાજુની ગરીબ આદીવાસી જનતા લૂંટાઈ રહી છે જેથી આ તમામ જનતાની માંગ છે કે ભિલોડાના દવાખાનામાં પૂરતા ડૉક્ટરો અને પૂરતા સ્ટાફ મૂકવામાં આવે જેથી લોકોને આરોગ્યની સુખાકારી મળી શકે.

ભિલોડાની આ કોટેજ હોસ્પિટલમાં સરકાર દ્વારા ૭૩ જેટલું મહેકમ ફાળવવામાં આવ્યું છે પરંતુ તેની સામે આ કોટેજ હોસ્પિટલમાં ૪૯ જેટલું મહેકમ ભરાયેલું છે અને ૨૪ જેટલી જગ્યાઓ ખાલી પડેલ છે જેથી ભિલોડાના સુપ્રીડેન્ટ દ્વારા આ ખૂટતા મહેકમ માટે સરકારમાં લખીને મોકલી આપવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં આ ખૂટતું મહેકમ ભરાઈ જશે તેમ જણાવી રહ્યા છે.

આદીવાસ વિસ્તારો માટે સરકાર કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે અને અવનવી સેવાઓ પૂરી પાડવાની વાતો કરે છે જ્યારે આવા ટ્રાયબલ વિસ્તારમાં ખૂટતા સ્ટાફ માટે સરકાર દ્વારા ઘટતો સ્ટાફ ફળવાયો તો ચોક્કસ આ ગરીબ આદીવાસીઓને આરોગ્યની સુખાકારી મળશે.

# ડીસા મુકામે પ્રાંત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

## ડીસા અને કાંકરેજ તાલુકાના ૨૩૨૦ લાભાર્થીઓને ૧.૫૪ કરોડની સાધન સહાય ચૂકવાઈ

ડીસા, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના ડીસા મુકામે ડીસા અને કાંકરેજ તાલુકાનો -ન્ત કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ તથા શ્રમ અને રોજગાર રાજય મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં ડીસા અને કાંકરેજ તાલુકાના ૨૩૩૦ લાભાર્થીઓને રૂ. ૧.૫૪ કરોડની સાધન સહાય મંત્રીશ્રીના વરદહસ્તે ચુકવવામાં આવી હતી. આ -સંગે -નસંગીક -વચન કરતાં મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યુ હતુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાઓની શરૂઆત કરાવી હતી. તેનાથી લાખો ગરીબોને ફાયદો થયો છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં રાજય સરકાર નોંધારાનો આધાર બની જુદી જુદી યોજનાઓ હેઠળ ગરીબોને મદદ કરે છે. તેમણે કહ્યું કે ગરીબોના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે અનેકવિધ યોજનાઓ બનાવી છે. તેનો લાભ લઈ જરૂરીયાતમંદ લોકોએ -ગતિના સોપનો સર કરવા જોઈએ.

મંત્રીશ્રી ઠાકોરે કહ્યું કે મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં મહિલાઓના સશક્તિકરણ માટે સંખ્યાબંધ નિર્ણયો લેવામાં આવ્યા છે.તેમણે કહ્યું કે ખેડુતોને બધા જ -કારની સહાય અને ખેતીના ઓજારો મળી રહે તે માટે ગરીબ કલ્યાણ મેળા જેવા જ કાર્યક્રમો યોજવાનું રાજય સરકારનું આયોજન છે. તેમણે જણાવ્યુ કે લોકોના -નેનું ઝડપથી નિરાકરણ આવે તે માટે સરકારે લોક સંવાદ સેતુ નામનો કાર્યક્રમ શરૂ કર્યો છે જેમાં મંત્રીશ્રીઓની હાજરીમાં લોકોના -નેનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવે છે.તેમણે ઉમેર્યુ કે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ખિલખિલાટ વાન જેવી અનેકવિધ આરોગ્ય સુવિધાઓના લીધે લોકોને ઘરઆંગણે આરોગ્ય સુવિધાઓ ઉપલબ્ધ બની છે. તેમણે જણાવ્યુ કે રોગોને થતાં અટકાવવા માટે આરોગ્ય સંજીવની વાનની નવી સેવા શરૂ કરવામાં આવી છે. જેમાં કોઈપણ વ્યક્તિ મફતમાં પોતાના શરીરનું સંપૂર્ણ ચેકઅપ કરાવી શકે છે. મંત્રીશ્રીએ લાભાર્થીને અનુરોધ કરતાં જણાવ્યુ કે તમને મળેલ લાભનો સો ટકા સદઉપયોગ કરી તમારા જીવનમાં -ગતિ કરો તેવી શુભકામના પાઠવું છું. તેમણે કહ્યું કે આજે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં શિવણકામ માટે સિલાઈ મશીન, દૂધ દોવાના સાધનો, કડીયાકામ માટેના સાધનો, લુહારી કામના સાધનો આપવામાં આવ્યા છે. તેનો યોગ્ય ઉપયોગ કરી સ્વમાનભેર જીવન જીવીએ અને સુખી તથા સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ.

પાટણ જિલ્લાના સાંસદશ્રી લીલાધરભાઈ વાઘેલાએ જણાવ્યુ હતુ કે ગરીબોને સીધો જ લાભ પહોંચાડવાના આશયથી તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબ કલ્યાણ મેળાઓ શરૂ કરાવ્યા હતા. જેને ખુબ સારી સફળતા મળી છે અને ગરીબોના જીવનમાં -ગતિ થઈ છે. મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના શાસનમાં ગરીબ લાભાર્થીઓને સીધો લાભ આપવા ગરીબ કલ્યાણ મેળાઓ યોજાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે મેળામાં મળેલી સરકારી સહાયનો સદઉપયોગ કરી, વ્યસનોથી દૂર રહી શિક્ષિત અને સમૃધ્ધ સમાજનું નિર્માણ કરીએ.

સરદાર પટેલ સહભાગી સિંચાઈ યોજનાના અધ્યક્ષશ્રી ગણેશભાઈ ચૌધરીએ જણાવ્યુ હતુ કે મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના નેતૃત્વમાં મહિલા સશક્તિકરણની દિશામાં અનેક મહત્વના નિર્ણાયો લેવામાં આવ્યા છે. રાજય સરકાર ધ્વારા કરવામાં આવતી ભરતી -ક્રિયામાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.તેમણે કહ્યું કે ચેકડેમ, ખેતતલાવડી અને સિંચાઈની વિવિધ યોજનાઓના લીધે ગુજરાતની ખેતી સમૃધ્ધ બની છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

કલેકટરશ્રી દિલીપ રાણાએ સ્વાગત -વચન કરતાં જણાવ્યુ હતુ કે ગરીબ કલ્યાણ મેળાઓને લીધે ગરીબોની આવક અને સુખાકારીમાં ખુબ સારો વધારો થયો છે. તેમણે લાભાર્થીઓને અનુરોધ કર્યો કે અહીંથી મળેલ સાધન સહાયનો પુરતી કાળજી અને કાર્યક્ષમતાથી ઉપયોગ કરીને ખુબ સારી -ગતિ કરીએ. આ -સંગે મંત્રીશ્રી અને મહાનુભાવો દ્વારા આંગણવાડીના બાળકોને ફ્રુટ વિતરણ કરવામાં આવ્યુ હતુ.

મેળામાં જિલ્લા પંચાયતના ઉપ-મુખશ્રી સુખદેવસિંહ સોઢા, માર્કેટયાર્ડના ચેરમેનશ્રી માવજીભાઈ દેસાઈ, અગ્રણીઓ સર્વશ્રી લેબજી ઠાકોર, શ્રી દિનેશભાઈ અનાવાડીયા, શ્રી મહેશભાઈ દવે, શ્રી શશિકાંત પંડ્યા, ઈ.ચા.જિલ્લા વિકાસ અધિકારીશ્રી એસ.એન.ગામીત, -ાંત અધિકારીશ્રી ડી.કે.બ્રહ્મભટ્ટ સહિત અધિકારીઓ, અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગેરકાયદે બાંધકામ તોડવા બંદોબસ્ત મળતો જ નથી

અમદાવાદ, તા.૧૬

નવા પશ્ચિમ ઝોનના સરખેજ વોર્ડના ફતેહવાડી કેનાલ વિસ્તારમાં ગેરકાયદે બાંધકામોની ભરમાર છે. કોર્પોરેશને તમામ પ્રકારની કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી છે. તેમ છતાં આજ દિન સુધી એક બાંધકામ પણ દૂર કરાયું નથી. આ માટે તંત્ર પોલીસ બંદોબસ્તની રાહ જુએ છે. આમ તો સમગ્ર અમદાવાદમાં ગેરકાયદે બાંધકામોના રાફડા રાફડા ફાટી નીકળ્યા છે. જો કે આ પ્રકારના બાંધકામ માટે બિલ્ડર માફિયાઓની સાથે સાથે કોર્પોરેશનના કેટલાક ભ્રષ્ટ કોર્પોરેટર પણ એટલી જ હદે જવાબદાર છે. સરખેજ વોર્ડના ફતેહવાડી કેનાલ વિસ્તારના ગેરકાયદે બાંધકામોને આનું એક ઉદાહરણ તરીકે લઈ શકાશે. જ્યારે કોર્પોરેશને કુલ ૧૨૪ ગેરકાયદે બાંધકામને તોડવા માટેની સામુહિક નોટિસ ફટકારી ત્યારથી આ મામલો બહુ પેચીદો બન્યો છે, વિપક્ષ કોંગ્રે તો તંત્રની સામુહિક નોટિસ ફટકારવાની કાર્યવાહી સામે ભેદભાવનો આક્ષેપ કરાયો છે અમુક વિસ્તાર અને અમુક સમાજના લોકોને મ્યુનિસિપલ સત્તાવાળાઓ ટાર્ગેટ બનાવી રહ્યા હોવાના કોંગ્રેસના ગંભીર પ્રકારના આક્ષેપથી ખળભળાટ મચ્યો છે. જોકે નવા પશ્ચિમ ઝોનના ડેપ્યુટી કમિશ્નર દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું કે ફતેહવાડી કેનાલનું ઓપરેશન ડિમોલિશન પડતું મુકાયું નથી. ઝોનલ સ્તરેથી એસ્ટેટ અધિકારી એસઆર શાહે અમદાવાદ ગ્રામ્ય પોલીસ પાસે બંદોબસ્તની માંગણી કરતો પત્ર લખ્યો છે જ્યારે પણ કોર્પોરેશનને પોલીસનો બંદોબસ્ત મળશે કે તત્કાળ ઓપરેશન ડિમોલિશનને હાથ ધરાશે. તંત્ર ઓપરેશન ભૂલી ગયું નથી. જો કે ગઈકાલે નિકોલમાં મ્યુનિસિપલ પ્લોટમાં દબાણ દૂર કરવા ગયેલી કોર્પોરેશન અને પોલીસની ટીમ પર સ્થાનિક લોકો દ્વારા પથ્થરમારો કરાતા મહિનાઓથી અભરાઈએ ચઢેલો ફતેહવાડી કેનાલ વિસ્તારનો મામલો પુનઃ ચર્ચાના ચગડોળે ચડ્યો છે.





(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે આવેલ ડિસ્ટ્રીક્ટ કોર્ટ સંકુલમાં સફાઈનો કાર્યક્રમ યોજાયો હતો. બાર કાઉન્સીલ ઓફ ગુજરાત આયોજીત સ્વચ્છ ભારત કાર્યક્રમમાં પાલનપુર બાર એસોસીએશનના -મુખશ્રી જગદીશભાઈ ગઢવી, વાઈસ ચેરમેનશ્રી યશવંત બચાણી, સરકારી વકીલશ્રી સી.જી.રાજપુત અને વકીલોએ હાથમાં ઝાડુ પકડીને સફાઈ હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે મહાત્મા ગાંધીજીના સ્વચ્છતાના સંદેશને જન જન સુધી પહોંચાડવા અને સમગ્ર ભારતને સ્વચ્છ બનાવવા વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીજીની જન્મજયંતિ તા. ૨ જી ઓક્ટોબરથી સ્વચ્છ ભારત અભિયાનનો -રંભ કરાવ્યો હતો. જે અંતર્ગત આજે રાજયની તમામ કોર્ટના સંકુલોમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરાવામાં આવ્યુ હતુ. આ -સંગે સિનિયર એડવોકટશ્રી બી.કે.આચાર્યે ઉપસ્થિત સૌને સ્વચ્છતાના સંકલ્પ લેવડાવ્યા હતા. સ્વચ્છ ભારત અભિયાનના સફાઈ કાર્યક્રમમાં સિનિયર વકીલો સર્વશ્રી એમ.આર.ચૌધરી, શ્રી એસ.કે.પટેલ, શ્રી હરેશભાઈ પટેલ, શ્રી ભરતભાઈ ઠાકોર અને કોર્ટનો સ્ટાફ સારી સંખ્યામાં ઉપસથિત રહ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ



ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY



સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર



ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦